અનુસુચિત જાતિના વિધાર્થીઓ માટે આદર્શ
નિવાસી શાળા, (કુમાર) અમરેલીના મકાન
બાંધકામને વહીવટી મંજૂરી આપવા બાબત.

ગુજરાત સરકાર
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્ર: અનશ-૧૦૨૦૧૧-ન.બા.-૩૧-ગ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ:૧૩ -૦૪-૨૦૧૨.

વંચાણે લીધાઃ-

(૧) નિયામકશ્રી, અનુસુચિત જાતિ કલ્યાણનો તા. ૨૧-૧૧-૨૦૧૧ નો પત્ર ક્રમાંક-અજાક-ગ-૧—૧-૨૦૧૧-૧૨-૮૪૬૦-૬૧.

ઠ રા વઃ-

અનુસુચિત જાતિના વિધાર્થીઓ માટે આદર્શ નિવાસી શાળા, (કુમાર) અમરેલીના મકાન બાંધકામ માટે રૂ.૧૫૦.૦૦ લાખ પ્લાનમાં નવી સેવાને ઉપર આમુખમાં ક્રમાંક-૧ સામે દર્શાવેલ પત્રથી નવી સેવા તરીકે રજુ કરવામાં આવેલ હતી. જે નવી સેવાનો વર્ષ ૨૦૧૨-૧૩ ના બજેટમાં સમાવેશ કરવામાં આવેલ છે. જેની વહીવટી મંજુરી આપવા માટે દરખાસ્ત કરવામાં આવી હતી.

પ્રસ્તુત બાબતે પુખ્ત વિચારણાને અંતે અનુસુચિત જાતિના વિધાર્થીઓ માટે આદર્શ નિવાસી શાળા, (કુમાર) અમરેલીના ના મકાન બાંધકામ માટે રજુ કરવામાં આવેલ રૂ. ૧૫૦.૦૦ લાખ (અંકે રુપિયા એકસો પચાસ લાખ પુરા) ને નીચેની શરતોને આધીન વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

(૧) સને ૨૦૧૨-૧૩ ની અંદાજપત્રિય જોગવાઇને આધીન રહીને નાણા વિભાગ ધ્વારા વખતો વખત ફાળવવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.

(૨) આ અંગેનો ખર્ચ સરકારશ્રી ધ્વારા વખતોવખત નકકી કરવામાં આવેલ જોગવાઇઓ અને લાગુ પડતા ધારા ધોરણોને આધીન નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૩) નિયામકશ્રી, અનુસુચિત જાતિ કલ્યાણ એ સૂચિત યોજના સમયસર પૂર્ણ થાય તે માટે અસરકારક મોનીટરીંગ કરવાનું રહેશે. અને યોજનાનો મુળ હેતુ જળવાય તે રીતે પારદર્શક અમલ સત્વરે કરવાનો રહેશે.

(૪) સમયસર કામ પુર્ણ થાય તેની જવાબદારી નિયામકશ્રી, અનુસુચિત જાતિ કલ્યાણ ની રહેશે.

(૫) અંદાજીત રકમમાં વધારો થાય તો નાણા વિભાગની મંજૂરી અચુકપણે મેળવવાની રહેશે.

(૬) નિયત થયેલ થયેલ કામમાં વધારો/ઘટાડો થાય તો પૂર્વ મંજૂરી લેવાની રહેશે.

(૭) આ યોજના અંગેનો ખર્ચ તા.૧-૪-૨૦૧૨ પછીજ કરવાનો રહેશે.

(૮) બાંધકામની યોજના માટે વિભાગે નવા એસ.ઓ.આર મુજબ નકશા અંદાજો રજુ કરીને સક્ષમ અધિકારીની વહીવટી / તાંત્રિક મંજૂરી મેળવવાની રહેશે.

(૯) પ્રસ્તુત કામે ટેન્ડર પ્રોસેસીંગ બાબતમાં ઉધોગ અને ખાણ વિભાગના ઠરાવ ક્ર: એસપીઓ-૧૦૨૦૦૫-૧૪૦૭-છ, તા.૨૨-૧૧-૨૦૦૬ અન્વયે !!ઇ!! ટેન્ડરીંગ બાબતમાં કરવામાં આવેલ જોગવાઇઓ / સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

10) આ બંધકામ સમય મર્યાદામાં સંતોષકારક રીતે પૂર્ણ થાય તે માટેની મોનીટરીંગની વસ્થા નિયામકશ્રી(અજાક) કક્ષાએ ગોઠવવી અને કામની સમીક્ષા અંગે સમયાંતરે બેઠક જવાની રહેશે.

૧) આ બાધકામની અંદર કંમ્પાઉન્ડ વોલનો સમાવેશ કરી દેવાનો રહેશે.

૨) આ મંજૂરી અન્વયે જો કોઇ પણ વસ્તુની ખરીદી કરવાની હોય તો તે સરકારશ્રીના ર્તમાન ધારાધોરણો અને નિયમોનુસાર કરવાની રહેશે.

૩) આ બાંધકામ અંગે ભારત સરકાર તરફથી મંજૂરી મેળવી લેવાની રહેશે. તેમજ આ અંગે તવાપાત્ર હિસ્સો મેળવી લેવાનો રહેશે.

આ અંગેનો ખર્ચ અંદાજપત્રના સદરઃ માંગણી નં. ૯૫- મુખ્ય સદર – ૪૨૨૫ – નુ.જાતિઓ, અનુ. જનજાતિઓ અને અન્ય પછાતવર્ગોનું કલ્યાણ, બીસીકે-૨૮- આદર્શ નિવાસી ળાઓનુ બાંધકામ એ સદર હેઠળ થયેલ જોગવાઇમાંથી ખર્ચ કરવાનો રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણાં વિભાગની તા.૨-૪-૨૦૧૨ નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(શ્રીમતી એસ.આર.ભુરીયા)
ઉપ સચિવ,
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ.

તિ,
યામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગુજરાત રાજય, ગાંધીનગર
કાઉન્ટન્ટ જનરલ, ગુજરાત રાજય, અમદાવાદ / રાજકોટ
ીડેન્ટ ઓડીટ ઓફિસર, ગાંધીનગર.
ગ્ર સચિવશ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
ાણા સલાહકારશ્રી, નાણા વિભાગ, સચિવાલય ગાંધીનગર.
ર્યપાલક ઇજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ, અમરેલી
લ્લા પછાત વર્ગ કલ્યાણ અધિકારીશ્રી, અમરેલી
લ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી, (પંચાયત) જીલ્લા પંચાયત, અમરેલી
લ્લા તિજોરી અધિકારીશ્રી, અમરેલી
લિકટ ફાઇલ.